જીલ્લા કક્ષાના ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન રાજપીપળા, જી.નર્મદાના મકાન બાંધકામ માટે નકશા અને અંદાજોને આધારે સુધારેલ વહીવટી મંજૂરી આપવા અંગે.

૪૬ ડોગળ

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંકઃ અબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૬/૧/૨૦૧૪.

S. J. & E. DEPT.
9 JAN 2014
IWDMS No. 30182

**વંચાણે લીધાઃ**

(૧) સા.ન્યા.અને અ.વિ.ના તા.૩૧-૮-૨૦૧૨ના ઠરાવ ક્રઃઅબડ-૧૦૨૦૧૨-ન.બા.૫૩-ગ

(૨) માર્ગ અને મકાન વિભાગના તા.૭-૧૨-૨૦૧૩ ના પત્ર ક્રઃ બીડીજી- ૪૬-૨૦૧૩ -૩૩૯૬-૫૫૩-ન

**ઠ રા વઃ**

જીલ્લા કક્ષાએ ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન, રાજપીપળા, જી.નર્મદા ખાતે ભવનના બાંધકામ માટે સરકાર ધ્વારા ઉપરોકત વંચાણે લીધેલ ક્રમ-(૧) ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ હતી. પરંતુ આમુખ ક્રમાંકઃ૨ માં માર્ગ અને મકાન વિભાગના તા. ૭-૧૨-૧૩ના દર્શાવેલ પત્રથી સુધારેલ નકશા-અંદાજોની દરખાસ્ત રજુ કરેલ જે મુજબ સુધારેલ દરખાસ્તને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

જીલ્લા કક્ષાના ડૉ.બાબા સાહેબ આંબેડકર ભવન, રાજપીપળા, જી.નર્મદા ના મકાન બાંધકામ માટે માર્ગ અને મકાન વિભાગ ધ્વારા તૈયાર કરેલ રૂ.૨,૩૭,૫૧,૪૦૦/- (અંકે રુપિયા બે કરોડ સાડત્રીસ લાખ એકાવન હજાર ચારસો પુરા) ના નકશા-અંદાજોને નીચેની શરતોને આધીન સુધારેલી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) સને ૨૦૧૩-૧૪ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણા વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહી ખર્ચ કરવાનો રહેશે.

(૨) ભારત સરકાર તરફથી મળવાપત્ર ગ્રાન્ટ સમય મર્યાદામાં મેળવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા નિયમો મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ કામમાં ફોરેસ્ટ કલીયરન્સ, યુટીલીટી શીફટીંગ તથા અન્ય કોઇ બાબતો માટે સક્ષમ સત્તાધિકારી મંજુરીની જરૂરીયાત જણાય તેવા સંજોગોમાં તે અંગેની આનુષાંગિક કાર્યવાહી પણ સાથોસાથ હાથ ધરવાની રહેશે જેથી ખરેખર કામગીરી શરૂ કરવામાં થતો બિનજરૂરી વિલંબ ટાળી શકાય.

(૫) પ્રસ્તુત કામ માટે નાણા વિભાગના તા.૫-૯-૧૨ ના પરિપત્ર ના ફકરા-૫(પાંચ) મુજબ આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૬) રજૂ થયેલ અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

(૭) પ્રસ્તુત કામે "Tender Processing" બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ એસપીઓ-૧૦૨૦૦૫- ૧૪૦૭-છ, તા.૨૨-૧૧-૨૦૦૬ અન્વયે "ઇ ટેન્ડરીંગ" બાબતમાં કરવામાં આવેલ જોગવાઇઓ / સૂચનાઓનુ ચૂસ્તપણે અમલ કરવાની રહેશે.

(૮) સૂચિત કામો NREGA હેઠળ લેવાના થતા હોય તો, આવા કામો ઉપલબ્ધ ગ્રામીણ મજૂરો ધ્વારા જ લેવામાં આવે તેની અચૂક તકેદારી રાખવાની રહેશે.

આ અંગેનું ખર્ચ અંદાજપત્રના મુખ્ય સદર- ૪૨૨૫, અનૂસુચિત જાતિઓ, આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોના કલ્યાણ અંગે મૂડી ખર્ચ જોગવાઇ, પેટા મુખ્ય સદર – ૦૩- પછાતવર્ગોનુ કલ્યાણ, ગૌણ સદર- ૮૦૦- અન્ય ખર્ચ, પેટા સદર- (૦૧) – બીસીકે-૪૯ – ડૉ.બાબાસાહેબ આંબેડકર ભવન બાંધકામ હેઠળ ઉધારવુ અને તે હેઠળ થયેલ જોગવાઇમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૩૦-૧૨-૨૦૧૩ ની મળેલ મંજૂરીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( દિપલ હડીયલ )
સેકશન અધિકારી,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
અગ્ર સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ, રાજપીપળા, જી. નર્મદા
નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ /રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
જીલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રી, રાજપીપળા, જી. નર્મદા.
જીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી(પંચાયત)જીલ્લા પંચાયત રાજપીપળા, જી. નર્મદા
સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ(સા.ન્યા) વિભાગની વેબસાઇટ ઉપર મુકવા વિનંતી./ સીલેકટ ફાઇલ.